અપીલ અરજી નં.૨૮૧ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૧૩ જેટલી નોટીસો/કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છ, જેની વિગતો આ મુજબ છે ,નોટીસો(૧) નં.૩૪૨૪ તા. ૭–૯–૧૦, (૨)૩૪૨૫ તા. ૭–૯–૧૦, (૩) ૬૯ તા. ૨૩–૬–૧૦, (૪) ૧૧૧ તા. ૩–૮–૧૦, (૫) ૧૧૭ તા. ૫–૮–૧૦ ,(૬) ૧૩૫૭ તા.૧–૬–૧૧, (૭) ૯૮૯ તા. ૧૨–૫–૧૧, (૮) ૫૨૧૦ તા.૪–૧૨–૧૦, (૯)૪૪૧૧ તા.૧૯–૧૦–૧૦,(૧૦) ૧૯૧ તા.૧૧–૧૦–૧૦, (૧૧) ૧૯૨ તા. ૧૪–૧૦–૧૦, (૧૨) ૬૬૨૦ તા. ૨૨–૨–૧૧, (૧૩) ૧૭૨ તા.૭–૪–૧૧. ઉપર મુજબની નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે શ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૧૩ જેટલી નોટીસો/કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છ, જેની વિગતો આ મુજબ છે, નોટીસો(૧) નં. ૩૪૨૪ તા. ૭–૯–૧૦, (૨)૩૪૨૫ તા. ૭–૯–૧૦, (૩) ૬૯ તા. ૨૩–૬–૧૦, (૪) ૧૧૧ તા. ૩–૮–૧૦, (૫) ૧૧૭ તા. ૫–૮–૧૦ ,(૬) ૧૩૫૭ તા.૧–૬–૧૧, (૭) ૯૮૯ તા. ૧૨–૫–૧૧, (૮) ૫૨૧૦ તા.૪–૧૨–૧૦, (૯) ૪૪૧૧ તા.૧૯–૧૦–૧૦,(૧૦) ૧૯૧ તા.૧૧–૧૦–૧૦, (૧૧) ૧૯૨ તા. ૧૪–૧૦–૧૦, (૧૨) ૬૬૨૦ તા. ૨૨–૨–૧૧, (૧૩) ૧૭૨ તા.૭–૪–૧૧. ઉપર મુજબની નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે શ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે કોઈપણ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે નોટીસો , થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો તથા જવાબદારોની વિગત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૬ તા.૩૦–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૩૩ તા.૧૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૫૦ તા.૨૩–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૭૯ તા.૧૫–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૫૦ તા.૨૩–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૭૯ તા.૧૫–૯–૧૧થી માહિતી આપવામાં આવેલ છે. જે અરજદારે તા.૨૨–૯–૧૧ ના રોજ સ્વીકાર્યા અંગેની સહી કર્યાની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ રજૂ કરેલ છે. જે દરમ્યાન અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાના કારણે તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં વિના મૂલ્યે માહિતીની માંગણી કરવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૫–૯–૧૧ ના રોજ નિયત સમય અવધિમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળથી માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજદારને જણાવેલ છે કે અરજીમાં જણાવેલ કુલ ૧૩ ગેરકાયદેસર બાંધકામની નોટીસો/ કારણદર્શક નોટીસો બાબતે માહિતી માંગેલ છે. તે અન્વયે પત્રમાં દર્શાવેલ તમામ પત્ર અઠવાઝોનની કચેરીએ રેકર્ડની ચકાસણી કરતાં ગેરકાયદેસર બાંધકામ અંગેના નથી. નોટીસ નંબર અને તારીખ મુજબના કોઈ પત્રથી કોઈ ગેરકાયદેસર બાંધકામની નોટીસ આપેલ હોવાનું અઠવાઝોનની કચેરીએ રેકર્ડની ચકાસણી કરતાં જણાતું નથી. તેવું જણાવેલ છે. પરંતુ અપીલ તબકકા દરમ્યાન મળેલી માહિતી મળ્યા બાદ અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ રજૂઆત થયેલ નથી. આમ અરજદારને માહિતી પૂરી પાડયા બાદ તકરારને કોઈ સ્થાન નથી તેવું માનવાને કારણ છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારે મુળ અરજી તબકકે કે અપીલ તબકકે તેમની અરજીના દાવાને સમર્થિત કરતાં કોઈ આધાર કે નોટીસોની નકલો ખાસ કરીને માહિતી મળ્યા બાદ જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરનું ખંડન પુરવાર કરતી કોઈ વિગતો રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ